અગ્રતા ક્રમ -: ૯

વિભાગ :- ઉદ્યોગ અને ખાણ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૪૭૨

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તા: ૦૭/૦૨/૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક : તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેંટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે?

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ : ડૉ. હસમુખ પટેલ

મત વિસ્તાર : અમરાઈવાડી

# અગ્રતા ક્રમ : ૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૭૨

**અનુક્રમણિકા**

| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક માહિતી | **પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ** |
| **પેટા પ્રશ્ન–૧** | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) અંતર્ગત સહાયપાત્ર પ્રોજેકટને કઇ સહાય અને કેટલા સમયગાળા માટે પુરી પાડવામાં આવે છે. | **શ્રી હસમુખભાઇ પટેલ અમરાઈવાડી** |
| **પેટા પ્રશ્ન–૨** | "ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના" (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ સહાય મેળવવા માટે કયા પ્રોજકટ સહાયપાત્ર છે? | **શ્રી હસમુખભાઇ પટેલ અમરાઈવાડી** |
| **પેટા પ્રશ્ન–૩** | "ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના" (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ સહાયપાત્ર એકમોને કયાં સુધી પ્રોત્સાહન મળવાપાત્ર છે? | **શ્રી દિનેશસિંહ કુશવાહ બાપુનગર** |
| **પેટા પ્રશ્ન–૪** | "ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના" (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ કયા કયા રોકાણને સહાયપાત્ર મુડી રોકાણ તરીકે માન્ય ગણવામાં આવે છે? | **શ્રી દિનેશસિંહ કુશવાહ બાપુનગર** |

| | | |
|---|---|---|
| **પેટા પ્રશ્ન– ૫** | “ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના” (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ મુખ્યત્વે કયા કયા સેકટરોમાં વધુ મુડીરોકાણ આવેલ છે? | **શ્રી કૌશિક જૈન દરિયાપુર** |
| **પેટા પ્રશ્ન– ૬** | “ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના” (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ એકમના ઉત્પાદન પ્લાન્ટ સિવાયના અન્ય કયા કયા ખર્ચ માન્ય રાખવામાં આવે છે? | **શ્રી કૌશિક જૈન દરિયાપુર** |
| **પેટા પ્રશ્ન– ૭** | “ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના” (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) નો સમયગાળો કેટલો છે? | **શ્રી પાયલબેન કુકરાણી નરોડા** |
| **પેટા પ્રશ્ન– ૮** | “ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના” (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ એકમે કયાં સુધીમાં ઉત્પાદનમાં આવવું જરૂરી છે? | **શ્રી પાયલબેન કુકરાણી નરોડા** |
| **પેટા પ્રશ્ન– ૯** | “ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના” (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ રાજયમાં કયા કયા ક્ષેત્રોમાં ઉદ્યોગો સ્થપાયા છે? | |
| **પેટા પ્રશ્ન– ૧૦** | “ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના” (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ નવું એકમ એટલે શું? | |
| **પેટા પ્રશ્ન– ૧૧** | “ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના” (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ વિસ્તૃતિકરણ ની વ્યાખ્યા શું છે? | |
| **પેટા પ્રશ્ન– ૧૨** | “ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના” (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ સહાયપાત્ર થવા મહત્તમ મુડીરોકાણની મર્યાદા શું છે? | |
| **પેટા પ્રશ્ન– ૧૩** | “ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના” (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ હેઠળ નોંધણી મેળવેલ કોઇ એકમ ઉત્પાદન શરૂ થયા તેની પ્રોડકટમાં ફેરફાર કરી શકે છે? | |
| **પેટા પ્રશ્ન– ૧૪** | “ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના” (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ મેગા પ્રોજેકટ કોને ગણવામાં આવે છે? | |

| | | |
|---|---|---|
| **પેટા પ્રશ્ન–૧૫** | "ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના" (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ અલ્ટ્રા મેગા પ્રોજેક્ટ કોને ગણવામાં આવે છે? | |
| **પેટા પ્રશ્ન–૧૬** | "ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના" (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ કયા પ્રોજેક્ટ સહાયને પાત્ર થશે? | |
| **પેટા પ્રશ્ન–૧૭** | "ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના" (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ રાજયના તમામ તાલુકાઓને કેટલી કેટેગરીમાં વહેંચવામાં આવેલ છે? | |
| **પેટા પ્રશ્ન–૧૮** | "ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના" (ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ તાલુકા કેટેગરી પ્રમાણે કેટેગરી-૧,૨,૩ અંતર્ગત કેટલા તાલુકાઓનો સમાવેશ કરવામાં આવેલ છે? | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

1/C

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/472

વિષય:

ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 08/01/2024 | 01/02/2024 | 16/01/2024 |

*15/4/472 ડૉ. હસમુખ પટેલ (અમરાઈવાડી)

ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે?

----

મુખ્ય પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

9

## ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના

*15/4/472 ડૉ. હસમુખ પટેલ (અમરાઈવાડી): માનનીય ઉદ્યોગમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે? | કુલ ૨૧૨ એકમોને કુલ રૂ.૯,૬૩,૮૬,૮૫,૭૪૪/- (અંકે નવસો ત્રેસઠ કરોડ છયાસી લાખ પચ્યાંસી હજાર સાતસો ચુમ્માલીસ પુરા) |

---

જવાબ આપવાની તારીખ : ૦૧/૦૨/૨૦૨૪

ક્રમાંક: વસપ/૧૧૨૦૨૪/તા.પ્ર-૦૧/આઇ
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 03/૦૨/૨૦૨૪.

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા,
સચિવાલય, ગાંધીનગર.

ગુજરાત વિધાનસભા સચિવાલયના તા.૧૬/૦૧/૨૦૨૪ના પત્ર અન્વયે (જવાબની વધારાની ત્રણ નકલો સહિત)

(બી.એસ.મહેતા)
સંયુક્ત સચિવ (પ્રો.)
ઉદ્યોગ અને ખાણ વિભાગ

નકલ રવાના:
(૧) ઉદ્યોગ કમિશ્નરશ્રી, ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
(૨) સેક્શન અધિકારીશ્રી,સંકલન શાખા,ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(3) સિલેક્ટ ફાઈલ

મુખ્ય પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા ગુજરાત રાજયમાં ઓટોમોબાઇલ ઉદ્યોગોના વિકાસ થાય તે માટે અને દેશમાં ઓટોમોબાઇલ ક્ષેત્રનો ભવિષ્યમાં ખુબજ વિકાસ થશે તેવી દુરંદેશી ધરાવતા તત્કાલિન માન.મુખ્યમંત્રીશ્રી અને હાલના યશસ્વી વડાપ્રધાનશ્રી દ્વારા ૨૦૦૯ માં મેગાપ્રોજેકટની યોજના જાહેર કરેલી હતી. જેને કારણે એમ.જી. મોટર્સ, મારૂતી સુઝુકી, હીરો મોટોકોર્પ અને હોન્ડા મોટર સાયકલ જેવી આંતરાષ્ટ્રીય કંપનીઓએ ગુજરાત રાજયમાં તેમનો પ્લાન્ટ શરૂ કરેલા હતા. તેમના સહયોગી એકમોએ પણ તેમની નજીકના ક્ષેત્રમાં ઓટોમોબાઇલ કમ્પોનન્ટ સ્થાપવા ઉત્પાદન એકમો શરૂ કરેલા છે. આ ઉપરાંત એમ.આર.એફ. અને મેકિસસ રબર જેવી અન્ય આંતરાષ્ટ્રીય કંપનીઓએ ટાયર બનાવવાની ફેકટરી શરૂ કરેલ હતી. આના કારણે ગુજરાત રાજયએ ઓટોમોબાઇલ ક્ષેત્રે દેશમાં આગળ પડતું સ્થાન મેળવ્યું હતું. આ યોજનાને કારણે ૮ એકમોમાં રૂ ૨૭૨૦૦ કરોડના મુડીરોકાણ સાથે કુલ ૪૧૫૧૦ રોજગારી ઉભી થયેલી હતી. આ ઉપરાંત રાજયમાં ઓટોમોબાઇલના એન્જીનીયરીંગ ક્ષેત્રે ૪૮ એકમોએ રૂ. ૬૪૪૩ કરોડનું મુડીરોકાણ સાથે કુલ ૧૪૬૨૯ રોજગારી ઉભી થયેલી છે.

ગુજરાત રાજયમાં મેગા પ્રોજેકટ સિવાય અન્ય મોટા એકમો અને એમ.એસ.એમ.ઇ. એકમોને વિશેષ પ્રોત્સાહન આપવા માટે રાજય સરકારે ૨૦૧૫ માં નવી ઔદ્યોગીક નીતિ જાહેર કરેલી હતી. અન્ય રાજયો સાથે રાજયના ઉદ્યોગોને સક્ષમ બનાવવા માટે તેમજ ઓટોમોબાઇલ સિવાય રાજયમાં મોટુ મુડીરોકાણ થાય તે માટે ૨૦૧૬ માં રાજય સરકારે " ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ " યોજના જાહેર કરેલ હતી. જેમાં એમ.એસ.એમ.ઇ. એકમો અને મોટા ઉદ્યોગોને તાલુકાની કક્ષા પ્રમાણે પ્રોત્સાહન આપવાનું ઠરાવેલ હતું. આ યોજનામાં એમ.એસ.એમ.ઇ., મોટા કદના, મેગા તથા અલ્ટ્રા મેગા એકમો શરૂ થયેલા છે. **મોટા ઉદ્યોગોને કાચો માલ સપ્લાય કરતાં એમ.એસ.એમ.ઇ. એકમો અને આનુસંગિક એકમો માટે રાજય સરકારમાં તેઓ દ્વારા ભરવામાં આવતાં વેચાણ વેરા આધારિત પ્રોત્સાહન નીતિ**

**જાહેર કરનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજય હતું. ગુજરાત સરકારની આ નીતિનો હેતુ ગુજરાતના ઔદ્યોગિક એકમોને તેઓ દ્વારા કરવામાં આવેલાં મૂડીરોકાણ જેટલા જ વેચાણ વેરા આધારિત નાણાંકીય પ્રોત્સાહન આપી તેઓને આર્થિક રીતે મદદ કરવાનો હતો.**

આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૧ સુધી ફાર્માસ્યુટીકલ્સ, કેમીકલ્સ, એન્જીનીયરીંગ વગેરે ઉદ્યોગોએ મોટુ મુડીરોકાણ કરેલ છે અને આજની સ્થિતિએ આ યોજનામાં ૬૯૦ મોટા એકમોએ રૂ. ૬૨૯૭૨ કરોડનું મુડીરોકાણ કરી અને કુલ ૯૯૫૦૦ વ્યકિતઓને રોજગારી પુરી પાડેલી છે.

આ યોજનાના કારણે મોરબી અને તેની આસપાસના વિસ્તારમાં સીરામીક ઉદ્યોગોનો જબરજસ્ત વિકાસ થયેલો છે. એટલુ જ નહી પરંતુ, મોરબીનો સીરામીક ઉદ્યોગ નિકાસ ક્ષેત્રે અન્ય દેશો સાથે પણ સ્પર્ધા કરી રહ્યો છે.

આ ઉપરાંત, સાણંદથી બહુચરાજી સુધીના પટ્ટામાં ઘણા ઔદ્યોગીક એકમોની સ્થાપના થયેલી છે, તો ભરૂચ જીલ્લામાં કેમિકલ ઉદ્યોગો દ્વારા મુડીરોકાણ કરવામાં આવેલું છે. આ યોજનાના કારણે આજની સ્થિતિએ રાજયમાં ૬૯૦ મોટા એકમોએ રૂ. ૬૨૯૭૨ કરોડનું મુડીરોકાણ કરી અને કુલ ૯૯૫૦૦ વ્યકિતઓને રોજગારી પુરી પાડેલી છે.

તદઉપરાંત, દક્ષિણ ગુજરાતમાં સ્પેશ્યાલીટી અને ફાઇન કેમિકલ ક્ષેત્રે વિપુલ પ્રમાણમાં મુડી રોકાણ આવેલ છે અને કચ્છમાં સ્ટીલ ક્ષેત્રે પણ અદ્યતન ટેકનોલોજી વાળા ઔદ્યોગિક એકમો શરૂ કરવામાં આવેલ છે. આમ, આ યોજના દ્વારા ગુજરાતમાં તમામ ઔદ્યોગિક ક્ષેત્રોમાં મોટુ મુડીરોકાણ તેમજ વ્યાપક રોજગારી મળેલ છે. જેને આ યોજનાની જવલંત સફળતા ગણી શકાય.

મુખ્ય પેજ પર જાઓ

# પૂરક માહિતીઃ

**સ્કીમ ફોર ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ**

- **યોજનાનો સમયગાળો : ૨૫-૦૭-૨૦૧૬ થી ૨૪-૦૭-૨૦૨૧ ; કોવિડના કારણે તા: ૨૪/૦૭/૨૦૨૨ સુધી ઉત્પાદન સમયગાળો લંબાયેલ છે.**
- રાજયના ઉદ્યોગોના સર્વાંગી વિકાસ થાય અને સ્પર્ધાત્મક યુગમાં તેઓ ટકી શકે તે માટે રાજય સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહન યોજનાઓ અંતર્ગત રાજયમાં એમ.એસ.એમ.ઇ., મોટા, મેગા અને અલ્ટ્રા મેગા પ્રોજેકટ સ્થાપિત થાય તે માટે તાલુકાની કેટેગરીમાં કરવામાં આવતા મુડીરોકાણ આધારીત કેટેગરી નકકી કરી પ્રોત્સાહન આપવાનું નકકી કરેલ છે.

- સરકારશ્રી દ્વારા તા.૨૫/૭/૨૦૧૬નાં ઠરાવથી ઉદ્યોગોને પ્રોત્સાહન યોજના જાહેર કરેલ છે. આ યોજના હેઠળ તાલુકાની કેટેગરી પ્રમાણે ૧૦ વર્ષ સુધી સહાય આપવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે.

સહાયનું ધોરણ

| તાલુકાની કેટેગરી | માન્ય મુડીરોકાણ સબંધિત પ્રોત્સાહનની ટકાવારી | એકમે ભરેલ ટેક્ષ ઉપર મળવાપાત્ર નેટ વેટ/ નેટ એસ.જીએસટીની ટકાવારી | સરકારશ્રીને ચુકવેલ નેટ વેટ/ નેટ એસ.જીએસટીની ટકાવારી | પ્રોત્સાહનપાત્ર સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૦% | ૯૦% | ૧૦% | ૧૦ વર્ષ |
| ૨ | ૮૦% | ૮૦% | ૨૦% | ૧૦ વર્ષ |
| 3 | ૭૦% | ૭૦% | ૩૦% | ૧૦ વર્ષ |

ઉદાહરણ તરીકે,

કોઇ એકમ પાટણ જિલ્લાના પાટણ તાલુકા (કેટેગરી ૧)માં રૂ.૧૦૦ કરોડનુ મૂડીરોકાણ કરે છે, તો તેવા એકમનુ ૧૦૦% એટલે કે, રૂ.૧૦૦ કરોડ માન્ય મૂડીરોકાણ થશે, તેમજ એકમને વર્ષિક રૂ.૧૦ કરોડથી વધુ નહી તે મુજબ ૧૦ વર્ષ સુધી સહાય મળવાપાત્ર થશે.

જો આ એકમ દર નાણાકીય વર્ષમાં સંભવિત રૂ.૧૦ કરોડ નેટ એસ.જીએસટી ભરપાઇ કરે, તો ૯૦% લેખે આ એકમને પ્રતિ વર્ષ રૂ. ૯ કરોડની સહાય મળવાપાત્ર થશે. આમ, એકમને ૧૦ વર્ષમાં રૂ. ૧૦૦ કરોડ મૂડીરોકાણ સામે કુલ રૂ. ૯૦ કરોડની સહાય મેળવી શકે.

- એક નાણાકીય વર્ષ દરમ્યાન ઔદ્યોગિક એકમોને કરવામાં આવતુ નેટ વેટનું ચુકવણું સહાયપાત્ર પ્રોત્સાહનનાં ૧૦ માં ભાગથી વધુ ન હોવું જોઇએ. યોજના હેઠળ એકમને વાર્ષિક મહત્તમ સહાયની વિગતો નીચે મુજબ છે.

| **પ્રોજેક્ટ વર્ગીકરણ** | **મુડીરોકાણ** | **વાર્ષિક મહત્તમ સહાયની રકમ (રૂ. કરોડમાં)** |
|---|---|---|
| અલ્ટ્રા મેગા ઔદ્યોગિક એકમ | ૪૦૦૦ કરોડથી વધુ | ૫૦૦ |
| મેગા ઔદ્યોગિક એકમ | ૧૦૦૦ કરોડથી ૪૦૦૦ કરોડ | ૪૦૦ |
| મોટા ઔદ્યોગિક એકમ | ભારત સરકારશ્રી દ્વારા જાહેર થયેલ એમ.એસ.એમ.ઇ. એકમની મર્યાદાથી ૧૦૦૦ કરોડ સુધી. | ૧૫૦ |
| માઇક્રો, નાના અથવા મધ્યમ ઔદ્યોગિક એકમ | ભારત સરકારશ્રી દ્વારા જાહેર થયેલ એમ.એસ.એમ.ઇ. એકમની મર્યાદા સુધી. | ૫૦ |

- "ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટીઝ યોજના" હેઠળ મોટા કદના એકમોની કુલ ૯૭૫ અરજીઓ મળેલ છે. જે પૈકી ૬૯૦ પ્રોજેક્ટને રજિસ્ટ્રેશન સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવેલ છે. જે થકી સુચિત મૂડી રોકાણ રૂ.૬૨,૯૭,૨૬૫.૦૯ લાખ થનાર છે તથા ૯૯,૫૦૦ ની સુચિત રોજગારી ઉભી થનાર છે. યોજના હેઠળ અરજીઓની વિગતો નીચે મુજબની છે.

| ક્રમ | વિગત | એકમની સંખ્યા |
|---|---|---|
| ૧ | યોજના હેઠળ નોંધાયેલ અરજીઓ<br>(રજિસ્ટ્રેશન સર્ટીફીકેટ આપવામાં આવેલ હોય) | ૬૯૦ |
| ૨ | યોજના હેઠળ નામંજૂર અરજીઓ | ૨૮૫* |
| કુલ | | ૯૭૫ |

* ના મંજુરીનાં કારણો : ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટીઝ યોજના હેઠળ નિયત અમલીકરણની સમય મર્યાદામાં એકમ ઉત્પાદનમાં આવેલ ન હોઇ, તેમજ ઠરાવની જોગવાઇઓ સંતોષતુ ન હોઇ, વગેરે જેવા કારણોથી અરજી ના મંજુર થયેલ હોય છે.

- તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેંટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કુલ ૨૧૨ એકમોને કુલ રૂ. ૯,૬૩,૮૬,૮૫,૭૪૪/- (આશરે રૂ. ૯૬૩.૦૦ કરોડ)ની નાણાકીય સહાય કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૭૨

તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેંટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે?

**પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ : ડૉ. હસમુખભાઇ પટેલ–અમરાઈવાડી**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૧** | “ઉદ્યોગોને પ્રોત્સાહન” યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) અંતર્ગત સહાયપાત્ર પ્રોજેક્ટને કઇ સહાય અને કેટલા સમયગાળા માટે પૂરી પાડવામાં આવે છે? |
| **જવાબ** | **સહાયપાત્ર પ્રોજેક્ટ્સને ૧૦ વર્ષ માટે ગુજરાતમાં કરેલ વેચાણ ઉપરનો નેટ વેટ /નેટ એસ.જી.એસ.ટી.નું પુન: ભરપાઇ આપવામાં આવે છે.** |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૭૨

તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેંટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે?

**પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ : ડૉ. હસમુખભાઇ પટેલ– અમરાઇવાડી**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૨** | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ સહાય મેળવવા માટે કયા પ્રોજેક્ટ સહાયપાત્ર છે? |
| **જવાબ** | યોજના હેઠળ સહાય મેળવવા માટે ઠરાવની શરતોને પરિપૂર્ણ કરતા નવા પ્રોજેકટ/ વિસ્તૃતિકરણ પ્રોજેક્ટ કે જેઓ યોજના હેઠળ માન્ય સમયગાળા દરમ્યાન ઉત્પાદન શરૂ કરે છે તેવા પ્રોજેક્ટ સહાયપાત્ર થાય છે. |

**વિસ્તૃતિકરણની વ્યાખ્યા:**

જો કોઈ એકમ તેને હયાત મૂડી રોકાણના ૫૦% થી વધુ નું મૂડી રોકાણ કરે, તે પૈકીનું ૬૦% થી વધુનું મૂડી રોકાણ પ્લાન્ટ અને મશીનરીમાં કરે; આ ઉપરાંત હયાત પ્રોડક્ટ ની ઇન્સ્ટોલડ કેપેસિટીમાં ૫૦% વધારો કરે તેમજ હયાત ઇન્સ્ટોલ કેપેસિટી નું છેલ્લા ત્રણ વર્ષોમાંથી કોઇ એક વર્ષમાં ૭૫% થી વધુ નું યુટીલાઈઝેશન થયેલ હોય તો તે એકમ વિસ્તૃતિકરણ પ્રોજેક્ટ ગણાશે.

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૭૨

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્નઃ**

તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેંટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે?

**પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ : શ્રી દિનેશસિંહ કુશવાહ–બાપુનગર**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૩** | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ સહાયપાત્ર એકમોને કયાં સુધી પ્રોત્સાહન મળવાપાત્ર છે? |
| **જવાબ** | આ યોજના હેઠળ એકમને વાણિજયક ઉત્પાદનમાં આવ્યાથી ૧૦ વર્ષ સુધી નાણાકિય પ્રોત્સાહન મળવાપાત્ર છે.<br>ઉદાહરણ તરીકે ગુજરાતનું કોઇ એકમ તા. ૦૧/૦૭/૨૦૨૦ના રોજ ઉત્પાદન શરૂ કરે છે તો તેવા એકમોને ૦૧/૦૭/૨૦૨૦ થી ૩૦/૦૬/૨૦૩૦ સુધી તેઓએ ગુજરાતમાં કરેલ વેચાણ ઉપરનો નેટ વેટ /નેટ એસ.જી.એસ.ટી., ગુજરાત સરકાર દ્વારા પુન: ભરપાઇ (રીઈમ્બર્સમેન્ટ) કરવામાં આવશે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૭૨

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્નઃ**

તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેંટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે?

**પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ : શ્રી દિનેશસિંહ કુશવાહ–બાપુનગર**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૪** | “ઉદ્યોગોને પ્રોત્સાહન” યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ કયા-કયા રોકાણને સહાય-પાત્ર મૂડી રોકાણ તરીકે માન્ય ગણવામાં આવે છે? |
| **જવાબ** | યોજના હેઠળ જમીન, નવું બિલ્ડીંગ, અન્ય બાંધકામ, નવી પ્લાન્ટ એન્ડ મશીનરી, જૂની ઇમ્પોર્ટેડ મશીનરી, અન્ય મશીનરી, ટેક્નોલૉજી, ડીઝાઇન એન્ડ ડ્રોઇંગ, પેટન્ટ્સ, પ્રોજેક્ટ-રીલેટેડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, વગેરે માટે થયેલ રોકાણને સહાય-પાત્ર રોકાણ તરીકે માન્ય ગણવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૭૨

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્નઃ**

તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેંટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે?

**પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કૌશિક જૈન–દરિયાપુર**

| | |
|---|---|
| પેટા પ્રશ્ન – ૫ | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ મુખ્યત્વે કયા-કયા સેકટરોમાં વધુ મુડીરોકાણ આવેલ છે? |
| **જવાબ** | **યોજના હેઠળ રાજ્યમાં કેમિકલ સેક્ટરમાં સુચિત રૂ. ૧૪૭૪૦ કરોડ, મેટલ સેક્ટરમાં સુચિત રૂ. ૧૩૮૭૧ કરોડ, સિરામિક સેક્ટરમાં સુચિત રૂ. ૧૦૧૨૫ કરોડ, ઓટો અને ઓટો કોમ્પોનન્ટ સેક્ટરમાં સુચિત રૂ. ૬૪૪૩ કરોડ, પેપર અને પેપર પ્રોડક્ટ સેક્ટરમાં સુચિત રૂ. ૪૧૧૪ કરોડ, ટેક્ષટાઇલ સેક્ટરમાં સુચિત રૂ. ૧૪૨૨ કરોડ, ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં સુચિત રૂ. ૯૩૯ કરોડ, પ્લાસ્ટિક સેક્ટરમાં સુચિત રૂ. ૬૭૩ કરોડ, ફુડ અને ફુડ પ્રોડક્ટ સેક્ટરમાં સુચિત રૂ. ૫૨૫ કરોડ તેમજ અન્ય ક્ષેત્રોમાં રૂ. ૧૦૧૨૦ કરોડનું મુડીરોકાણ આવેલ છે.** |

**મુખ્ય પેજ પર જાઓ**

# અગ્રતા ક્રમ : ૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૭૨

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્નઃ**

તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેંટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે?

**પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ : શ્રી કૌશિક જૈન–દરિયાપુર**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન – ၆** | “ઉદ્યોગોને પ્રોત્સાહન” યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ એકમના ઉત્પાદન પ્લાન્ટ સિવાયના અન્ય કયા કયા ખર્ચ માન્ય રાખવામાં આવે છે? |
| **જવાબ** | યોજના હેઠળ અન્ય ખર્ચ જેવા કે<br>૧) ઔદ્યોગિક એકમના વર્કર અને સ્ટાફ માટે ઊભી કરવામાં આવે રેસીડેન્સીયલ કોલોની હોસ્પિટલ સ્કૂલ સ્પોર્ટ ફેસીલીટી, ટ્રાન્સપોર્ટેશન ફેસીલીટી<br>૨) નજીકના આપ્રોચ રોડ થી ઔદ્યોગિક એકમ માટે ફીડર રોડ<br>૩) બેંક કે પોસ્ટ ઓફિસ નો બાંધકામ નો ખર્ચ, જો આ સુવિધા વિના મુલ્યે પૂરી પાડવામાં આવે<br>૪) સ્થાનિક લોકોની રોજગારી પૂરી પાડવા ટ્રેનિંગ સેન્ટર કે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર<br>જેવા ખર્ચને માન્ય ખર્ચ ગણવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૭૨

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્નઃ**

તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેંટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે?

**પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ : શ્રી પાયલબેન કુકરાણી નરોડા**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૭** | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) નો સમયગાળો કેટલો છે? |
| **જવાબ** | યોજનાનો સમયગાળો તા.૨૫/૭/૨૦૧૬ થી ૨૪/૦૭/૨૦૨૧ છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૭૨

**વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્નઃ**

તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારની ઈન્સેંટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના હેઠળ કેટલા એકમોને કેટલી નાણાકીય સહાય કરવામાં આવેલ છે?

**પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ : શ્રી પાયલબેન કુકરાણી નરોડા**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન –૮** | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ એકમે ક્યાં સુધીમાં ઉત્પાદનમાં આવવું જરૂરી છે? |
| **જવાબ** | યોજનાના સમયગાળા દરમિયાન એટલે કે તારીખ ૨૫/૦૭/૨૦૧૬ થી તારીખ ૨૪/૦૭/૨૦૨૧ સુધીમાં ઉત્પાદનમાં આવવું જરૂરી હતું.<br>પરંતુ, દુનિયાભરમાં કોવિડ ૧૯ પરિસ્થિતિને કારણે ગુજરાત રાજ્યની સંવેદનશીલ સરકારે યોજના હેઠળ નોંધાયેલ એકમો માટે ઉત્પાદનમાં આવવાની તારીખ ૨૪/૦૭/૨૦૨૨ સુધી લંબાવી આપેલ હતી. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૯

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૪૭૨

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૯ | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ રાજયમાં કયા કયા ક્ષેત્રોમાં ઉદ્યોગો સ્થપાયા છે? |
| જવાબ | યોજના હેઠળ રાજયમાં સિરામિક, કેમિકલ, મેટલ્સ, પેપર પ્રોડકટ, પ્લાસ્ટિક, એન્જિનિરિંગ, ઓટો એન્સિલરી, ફાર્માસ્યુટિકલ્સ વગેરે જેવા ક્ષેત્રોમાં ઉદ્યોગો સ્થપાયા છે. |
| પેટા પ્રશ્ન – ૧૦ | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ નવુ એકમ એટલે શુ ? |
| જવાબ | જે એકમ યોજનાના સમયગાળા દરમિયાનમાં ઉત્પાદન શરૂ કરે અને ભરત સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ ઓથોરીટી પાસેથી મેળવેલ લેટર ઓફ અપ્રુવલ કે ઇન્ડસ્ટ્રીયલ આંત્રપ્રેન્યોર મેમોરેન્ડમ કે ઉદ્યમ રજીસ્ટ્રેશન રજૂ કરે, તેમજ અલગથી ઓળખ થઇ શકે તેવી સ્થાયી અસ્કયામતોની સ્થાપના કરે તો, તે એકમ યોજના હેઠળ નવુ એકમ થશે. |
| પેટા પ્રશ્ન – ૧૧ | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ વિસ્તૃતિકરણ ની વ્યાખ્યા શુ છે ? |
| જવાબ | જો કોઈ એકમ તેને હયાત મૂડી રોકાણના ૫૦% થી વધુ નું મૂડી રોકાણ કરે, તે પૈકીનું ૬૦% થી વધુનું મૂડી રોકાણ પ્લાન્ટ અને મશીનરીમાં કરે; આ ઉપરાંત હયાત પ્રોડક્ટ ની ઇન્સ્ટોલડ કેપેસિટીમાં ૫૦% વધારો કરે તેમજ હયાત ઇન્સ્ટોલ કેપેસિટી નું છેલ્લા ત્રણ વર્ષોમાંથી કોઇ એક વર્ષમાં ૭૫% થી વધુ નું યુટીલાઈઝેશન થયેલ હોય તો તે એકમ વિસ્તૃતિકરણ પ્રોજેક્ટ ગણાશે. |

મુખ્ય પેજ પર જાઓ

| | |
|---|---|
| પેટા પ્રશ્ન – ૧૨ | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ સહાયપાત્ર થવા મહત્તમ મૂડીરોકાણની મર્યાદા શુ છે ? |
| જવાબ | યોજના હેઠળ સહાય પાત્ર થવા માટે મૂડી રોકાણની કોઈ જ મહત્તમ મર્યાદા નથી. |
| પેટા પ્રશ્ન – ૧૩ | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ નોંધણી મેળવેલ કોઇ એકમ ઉત્પાદન શરૂ થયા તેની પ્રોડ્કટમાં ફેરફાર કરી શકે છે? |
| જવાબ | હા, યોજના હેઠળ નોંધણી મેળવેલ કોઇ એકમ ઉત્પાદન શરૂ થયા તેની પ્રોડ્કટમાં ફેરફાર કરી શકે છે. |
| પેટા પ્રશ્ન – ૧૪ | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ મેગા પ્રોજેક્ટ કોને ગણવામાં આવે છે? |
| જવાબ | યોજના હેઠળ જે એકમનું કુલ મૂડી રોકાણ રૂ. ૧૦૦૦ કરોડથી વધુ પરંતુ રૂ. ૪૦૦૦ કરોડ સુધીનું હોય તથા આ માટે એકમે ભારત સરકારની લગત ઓથોરિટી પાસેથી ઇન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રેનિયોર મેમોરેન્ડમ મેળવેલ હોય તે મેગા એકમ ગણાશે. |
| પેટા પ્રશ્ન – ૧૫ | "ઉદ્યોગોને પ્રોત્સાહન" યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ અલ્ટ્રા મેગા પ્રોજેક્ટ કોને ગણવામાં આવે છે? |
| જવાબ | યોજના હેઠળ જે એકમનું કુલ મૂડી રોકાણ રૂ. ૪૦૦૦ કરોડથી વધુનું હોય તથા આ માટે એકમે ભારત સરકારની લગત ઓથોરિટી પાસેથી ઇન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રેનિયોર મેમોરેન્ડમ મેળવેલ હોય તે અલ્ટ્રા મેગા એકમ ગણાશે. |

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન – ૧૬** | “ઉદ્યોગોને પ્રોત્સાહન” યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ કયા પ્રોજેક્ટ સહાયને પાત્ર થશે ? |
| **જવાબ** | યોજના હેઠળ નવું એકમ તેમજ હયાત એકમ કે જે વિસ્તૃતિકરણ હાથ ધરે છે તેમજ યોજનાના સમયગાળા દરમિયાન ઉત્પાદન શરૂ કરે છે તે પ્રોજેક્ટ આ યોજના હેઠળ સહાય પાત્ર થશે |
| **પેટા પ્રશ્ન ૧૭** | “ઉદ્યોગોને પ્રોત્સાહન” યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ રાજ્યના તમામ તાલુકાઓને કેટલી કેટેગરીમાં વહેંચવામાં આવેલ છે? |
| **જવાબ** | યોજના હેઠળ રાજ્યના તમામ તાલુકાઓને તાલુકા કેટેગરી-૧,૨,3 એમ કુલ 3 (ત્રણ) કેટેગરીમાં વહેંચવામાં આવેલ છે. |
| **પેટા પ્રશ્ન ૧૮** | “ઉદ્યોગોને પ્રોત્સાહન” યોજના (ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ સહાય યોજના) હેઠળ તાલુકા કેટેગરી પ્રમાણે કેટેગરી-૧,૨,3 અંતર્ગત કેટલા તાલુકાઓનો સમાવેશ કરવામાં આવેલ છે? |
| **જવાબ** | યોજના હેઠળ તાલુકા કેટેગરી-૧ હેઠળ કુલ ૧૨૭ તાલુકાઓ, તાલુકા કેટેગરી-૨ હેઠળ કુલ ૮૨ તાલુકાઓ, અને તાલુકા કેટેગરી-3 હેઠળ કુલ ૪૧ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ